eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 291
October 07, 2011



## સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રીના પાવનપર્વ નિમિત્તે ફુડ ફેસ્ટીવલનું આયોજન

નવરાત્રીના પાવનપર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮/૦૯/૨૦૧૧ થી તા. ૦૬/૧૦/૨૦૧૧ દરમ્યાન દરરોજ સાંજે ૭.૦૦ કલાકથી ફુડ ફેસ્ટીવલની સાથે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગરબા સ્પર્ધાનું આયોજન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૧/૧૦/૨૦૧૧, શનિવારના રોજ વરાછા ઝોન તથા લિંબાયત ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૧/૧૦/૨૦૧૧, શનિવારના રોજ વરાછા ઝોન વિસ્તારમાં (૧) વરાછા ઝોનમાં ટી.પી. ૩૪ (મગોબ–ડુંભાલ) ફા. પ્લોટ નં.૫૩, સપ્તર્શી રો–હાઉસની બાજુમાં, આઈમાતા ચોક, મગોબ, સુરત ખાતે સંકલિત વોર્ડ ઓફિસની લોકાર્પણવિધિ તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૩/૧૦/૨૦૧૧, સોમવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૩/૧૦/૨૦૧૧, સોમવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં (૧) કોસાડ EWS આવાસ, H-3 પેકેજમાં, અમરોલી–સાયણ રોડ, અમરોલી, સુરત ખાતે પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ (૨) કોસાડ EWS આવાસ, H-2 પેકેજમાં, અમરોલી–સાયણ રોડ, અમરોલી, સુરત ખાતે શોપીંગ સેન્ટરની ખાતમુહૂર્તવિધિ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂ. મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ પ્રસંગે તા. ૦૨/૧૦/૨૦૧૧ ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલિ દ્વારા ગાંધીવંદના તથા ત્યારબાદ સર્વધર્મ પ્રાર્થનાનો કાર્યક્રમ



પૂ. મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ પ્રસંગે તા. ૦૨/૧૦/૨૦૧૧ ના રોજ સુરત મ.ન.પા. તરફથી ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલિ દ્વારા ગાંધીવંદના તથા ત્યારબાદ સર્વધર્મ પ્રાર્થનાનો કાર્યક્રમ ગાંધીબાગ ખાતે રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૫/૧૦/૨૦૧૧, બુધવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૫/૧૦/૨૦૧૧, બુધવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં (૧) ભેસ્તાન–ઈકલેરા રોડ, ભેસ્તાન રેલ્વે ફાટકની આગળ, EWS આવાસોની મધ્યમાં, H-15 ખાતે, ભેસ્તાન,સુરત ખાતે પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રાણી સંગ્રહાલય ખાતે ૨ જી ઓકટોબરથી ૮ મી ઓકટોબર દરમ્યાન "વન્ય પ્રાણી સપ્તાહ"ની થનાર ઉજવણી

સુરત મહાનગરપાલિકા,નેચરપાર્ક/પ્રાણી સંગ્રહાલય ખાતે પ્રકૃતિનાં સંવર્ધન અને સંરક્ષણ માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ જનજાગૃતિ માટે ૨જી ઓકટોબર થી ૮ મી ઓકટોબર દરમ્યાન "વન્ય પ્રાણી સપ્તાહ"ની ઉજવણી કરનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રીના પાવનપર્વ નિમિત્તે ફુડ ફેસ્ટીવલનું આયોજન



નવરાત્રીના પાવનપર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮/૦૯/૨૦૧૧ થી તા. ૦૬/૧૦/૨૦૧૧ દરમ્યાન દરરોજ સાંજે ૭.૦૦ કલાકથી ફુડ ફેસ્ટીવલની સાથે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગરબા સ્પર્ધાનું આયોજન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા. ૨૯/૦૯/૨૦૧૧ ના રોજ માધ્યમિક શાળાઓની અર્વાચીન ગરબા હરિફાઈ યોજવામાં આવી હતી. જગતજનની માં અંબાની સ્તુતિ અને આરાધના બાદ શરૂ થયેલ આ અર્વાચીન ગરબા હરિફાઈમાં સુરત શહેરની શાળાની વિદ્યાર્થીનીઓએ ગરબાના અર્વાચીન સ્વરૂપને લય, તાલ અને સૂરના સંયોજનથી સ્ટેજ ઉપર જીવંત કર્યુ હતું. એક પછી એક રજુ થતી ઉત્તમોત્તમ કૃતિઓને માણવા જનમેદની ઉભરાઈ હતી. ત્યારબાદ દોઢીયાનો કાર્યક્રમમાં પણ સુરતવાસીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

અર્વાચીન ગરબામાં શેઠશ્રી પી. એચ. બચકાનીવાલા વિદ્યામંદિર પ્રથમ ક્રમે આવી હતી. જયારે અંબાબા હરીપુરા ગર્લ્સ ઈગ્લીશ સ્કૂલના ગરબાને દ્વિતીય સ્થાન મળ્યું હતું. અને પી.પી.સવાણી વિદ્યાભવન તૃતીય સ્થાને વિજેતા થઈ હતી. ડે. મેયરશ્રીમતી છાયાબેન ભુવા, રૂગ્ણાલયો, વૈદકિય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિના અધ્યક્ષા કુ. પારૂલબેન ભારતીના હસ્તે વિજેતાઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ગરબા હરિફાઈના નિર્ણાયક તરીકે શ્રીમતી શ્રધ્ધાબેન શાહ અને શ્રીમતી સુહાસીનીબેન શુકલએ સેવા આપી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૧/૧૦/૨૦૧૧, શનિવારના રોજ વરાછા ઝોન તથા લિંબાયત ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૧/૧૦/૨૦૧૧, શનિવારના રોજ વરાછા ઝોન વિસ્તારમાં (૧) વરાછા ઝોનમાં ટી.પી. ૩૪ (મગોબ–ડુંભાલ) ફા. પ્લોટ નં.૫૩, સપ્તર્શી રો–હાઉસની બાજુમાં, આઈમાતા ચોક, મગોબ, સુરત ખાતે સંકલિત વોર્ડ ઓફિસની લોકાર્પણવિધિ તથા (૨) લિંબાયત ઝોનમાં સીટી પ્લાઝાની સામે, રાજપૂતભવનની બાજુમાં, પુણા પાટિયા, સુરત–બારડોલી રોડ, પરવત–ગોડાદરા ગામ જતા ખાડી ઉપર, લિંબાયત, સુરત ખાતે ખાડી બ્રિજની લોકાર્પણવિધિ મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈના વરદ્‌હસ્તે સંપન્ન થઈ.





વરાછા ઝોન વિસ્તારમાં વોર્ડ ઓફિસ રૂા. ૬.૦૦ લાખના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે. વોર્ડ ઓફિસ સંપુર્ણ આર.સી.સી.ફ્રેમ સ્ટ્રકચર(ગ્રાઉન્ડ ફલોર) જેમાં ૧ ઓફિસ રૂમ તથા સફાઈના સાધનોનો રૂમ, દવાનું ગોડાઉનની વ્યવસ્થા તેમજ ૧૦૦૦ લી. પીવાના પાણીની ટાંકીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. દિન પ્રતિદિન સુરત શહેરના વિકાસને ધ્યાને લઈ પ્રજાજનોને આરોગ્ય વિષયક રજુઆતની તાત્કાલિક નિવારણ થઈ શકે અને ઝોન ઓફિસ સુધી જવું ન પડે તે હેતુસર આવી સંકલિત વોર્ડ ઓફિસનું નિર્માણ થયું છે.

સુરત શહેરના તાજેતરમાં થયેલ હદ વિસ્તરણ દરમિયાન સાઉથ–ઈસ્ટ ઝોન(લિંબાયત)માં મગોબ,પરવત, ગોડાદરા,ડીંડોલી જેવા ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થયેલ છે. હાલમાં સદરહુ વિસ્તારમાંથી સુરત–બારડોલી મુખ્ય રોડ પર અવર–જવર કરવા નાગરિકો ધ્વારા ટ્રાફીકથી ગીચ એવા આંતરિક રસ્તાઓનો ઉપયોગ કરવામાં આવે છે. જે રસ્તાઓની હાલની પરિસ્થિતિને કારણે ઝડપથી અવર–જવર કરવામાં મુશ્કેલી પડે છે. આથી આ વિસ્તારોના વિકાસને ધ્યાનમાં રાખી મહાનગરપાલિકા ધ્વારા ટી.પી.સ્કીમના ૪૫.૦૦ મીટર પહોળા મીડલ રીંગરોડનું આયોજન કરવામાં આવેલ છે. સદર મીડલ રીંગરોડના ભાગનો બ્રીજ તૈયાર થતા મગોબ પરવત, ગોડાદરા, ડીંડોલી તરફનો ટ્રાફીક સીધો સુરત–બારડોલી રોડ સાથે સાંકળી શકાશે અને જેને લીધે સદર વિસ્તારના આંતરિક રસ્તાઓ પર ટ્રાફીકનું ભારણ ઓછું થશે. સદર બ્રીજનો અંદાજે ૨ લાખ નાગરીકોને લાભ મળી રહેશે તથા તેને કારણે પ્રદુષણમાં ઘટાડો થશે અને ઈંધણનો બચાવ થશે.

સદર પુલ રૂા. ૩૪૦ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. સદર પુલની લંબાઈ ૧૪૫.૨૯ મી. (એપ્રોચ સહિત), એપ્રોચની લંબાઈ પર્વત ગામ તરફ ૬૩.૩૮ મી., સુરત–બારડોલી રોડ તરફ ૫૬.૯૧ મી., પુલની પહોળાઈ ૩૪.૪૦ મી. (ફુટપાથ સાથે) તથા ફુટપાથ ૧.૫૦ મીટર બંને તરફ રાખવામાં આવેલ છે. આ આયોજન રાજય સરકારશ્રીની "સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના" (SJMMSVY) ના અનુદાન હેઠળ પુર્ણ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે મા. મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, મા. સાંસદ શ્રી સી. આર. પાટીલ, મા. ડે. મેયરશ્રીમતિ છાયાબેન ભુવા, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, મા. કમિશનરશ્રી એમ. કે. દાસ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ તથા શહેરના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૩/૧૦/૨૦૧૧, સોમવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ





સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૩/૧૦/૨૦૧૧, સોમવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં (૧) કોસાડ EWS આવાસ, H-3 પેકેજમાં, અમરોલી–સાયણ રોડ, અમરોલી, સુરત ખાતે પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ (૨) કોસાડ EWS આવાસ, H-2 પેકેજમાં, અમરોલી–સાયણ રોડ, અમરોલી, સુરત ખાતે શોપીંગ સેન્ટરની ખાતમુહૂર્તવિધિ (૩) કોસાડ EWS આવાસ, H-1 પેકેજમાં, અમરોલી–સાયણ રોડ, અમરોલી, સુરત ખાતે વોર્ડ ઓફિસ તથા આંગણવાડીની લોકાર્પણવિધિ તથા (૪) કોસાડ EWS આવાસ, H-1 પેકેજમાં, અમરોલી–સાયણ રોડ, અમરોલી, સુરત ખાતે કોમ્યુનીટી હોલની લોકાર્પણવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈના વરદ્હસ્તે સંપન્ન થઈ.

ગરીબ તેમજ મધ્યમ વર્ગના લોકોના બાળકો પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તેમજ શિક્ષણ મેળવી પ્રગતિના પંથે પ્રયાણ કરી શકે એવા શુભ આશય સાથે સદર આવાસમાં એક પ્રાથમિક શાળા બનાવવામાં આવનાર છે. જે ૭૫.૭૯ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવશે. જેમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લઈ કોમ્પ્યુટર રૂમ તથા રમત–ગમતનું મેદાનની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે.

તેવી જ રીતે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને જીવનજરૂરિયાતની ચીજ વસ્તુઓ પોતાના રહેઠાણથી દુર સુધી લેવા ન જવું પડે અને તે સહેલાઈથી નજીકમાં મળી શકે જે શુભ આશયથી ૪૪ શોપનું આયોજન કરવામાં આવેલ છે. જે ૧૦૪.૭૭ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવનાર છે. આ શોપીગ સેન્ટર બનાવવાથી અંદાજે ૨૫૦૦૦ વસ્તીને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકશે.

આવાસ એચ–૦૧ ખાતે લોકોની પ્રાથમિક સુવિધા અંગે જેવી કે પાણી, આરોગ્ય , રસ્તા વિષયક ફરિયાદ નિવારણ ઝડપથી થઈ શકે તે હેતુસર એક વોર્ડ ઓફિસ બનાવવામાં આવેલ છે. તથા ગરીબ વર્ગના લોકોને શિક્ષણ મળે, બહોળો પ્રચાર થાય જે હેતુસર તેઓના નાના બાળકોને પાયાની શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે એક આંગણવાડીનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેનો ખર્ચ ૩૫.૩૮ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે.





તેમજ આવાસ એચ–૧ ખાતે વિવિધ વિસ્તારમાંથી આવીને વસેલા લોકોના અલગ અલગ રીત રિવાજ મુજબ સામાજિક પ્રસંગોને ધ્યાને લઈ લગ્ન પ્રસંગો તેમજ સામાજિક પ્રસંગો ખુબ સારી રીતે પાર પાડી શકે તે હેતુસર રહેઠાણથી નજીકના ભાગમાં એક કોમ્યુનીટી હોલની પણ સુવિધા ઉપલબ્ધ કરી લોકોને લોકાર્પણ કરવામાં આવેલ છે. જેનો ખર્ચ ૪૯.૨૯ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે મા. મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, મા. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા. ડે. મેયરશ્રીમતિ છાયાબેન ભુવા, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા. કમિશ્નરશ્રી એમ. કે. દાસ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ તથા શહેરના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## પૂ. મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ પ્રસંગે તા. ૦૨/૧૦/૨૦૧૧ ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલિ દ્વારા ગાંધીવંદના તથા ત્યારબાદ સર્વધર્મ પ્રાર્થનાનો કાર્યક્રમ





પૂ. મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ પ્રસંગે તા. ૦૨/૧૦/૨૦૧૧ ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલિ દ્વારા ગાંધીવંદના તથા ત્યારબાદ સર્વધર્મ પ્રાર્થનાનો કાર્યક્રમ ગાંધીબાગ ખાતે રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, મા. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા. સાંસદ શ્રી સી. આર. પાટીલ, ડે. મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા. કમિશ્નરશ્રી એમ. કે. દાસ, મા. કલેકટરશ્રી એ. જે. શાહ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, શ્રી જયંતિભાઈ બારોટ ચેરમેનશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા શહેરીજનોએ પૂ.બાપૂની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. આ પ્રસંગે ગાંધીબાગ ખાતે રાખવામાં આવેલ સર્વધર્મ પ્રાર્થનાના કાર્યક્રમની શરૂઆત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંગીત વર્તુળની પ્રાર્થનાથી થઈ હતી. આ પ્રસંગે હાજર રહેલા હિંદુ ધર્મગુરૂ શ્રી નિલકંઠભાઈ શુકલ, મુસ્લીમ ધર્મગુરૂ મૌલવી મૌલાના અબ્દુલ અઝીઝ દુધવાલા, પારસી ધર્મગુરૂ દસ્તુરજી નોશીરવાન મંચેરશા દસ્તુર તથા ખ્રિસ્તી ધર્મગુરૂ પાસ્ટરશ્રી જહોન ડાભીને પોતાના ધર્મોની પ્રાર્થના રજૂ કરી ગાંધીજીની "સર્વધર્મ સમાન"ની ભાવનાને ચરિતાર્થ કરી હતી. પૂ. ગાંધીજીના કાર્યો તથા તેઓશ્રીએ દેશના ભાવિ માટે આપેલા યોગદાન અને બલિદાનને યાદ કરી પૂ. બાપૂએ ચિંધેલા રાહપર સૌને ચાલવાની શીખ આપી હતી.

આ પ્રસંગે જીવન ભારતી સ્કુલના વિદ્યાર્થીઓ ધ્વારા રેંટિયા કાંતણ ધ્વારા પૂ.ગાંધીજીની પ્રિય રેંટિયાને તથા ખાદી પહેરવાની તેમની સ્વદેશી ભાવનાને યાદ કરવામાં આવી હતી. ન.પ્રા.શિ.સમિતિ સંગીત વર્તુળ તરફથી ગાંધીજીની પ્રિય ભજનો "વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે" તથા "રઘુપતિ રાઘવ રાજારામ" જેવા ભજનો ગાઈને પૂ.બાપુને યાદ કરાયા હતા. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. અંતમાં રાષ્ટ્રસ્તુતિ "વંદે માતરમ" ગાઈને સમારંભનું સમાપન કરવામાં આવ્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૫/૧૦/૨૦૧૧, બુધવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/લોકાર્પણવિધિ





સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૫/૧૦/૨૦૧૧, બુધવારના રોજ ઉધના ઝોન વિસ્તારમાં (૧) ભેસ્તાન–ઈકલેરા રોડ, ભેસ્તાન રેલ્વે ફાટકની આગળ, EWS આવાસોની મધ્યમાં, H-15 ખાતે, ભેસ્તાન,સુરત ખાતે પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ (૨) ભેસ્તાન–ઈકલેરા રોડ, ભેસ્તાન રેલ્વે ફાટકની આગળ, EWS આવાસોની મધ્યમાં, ટી.પી.૫૪(ભેસ્તાન),ફા.પ્લોટ નં. ૧/એ ખાતે, ભેસ્તાન, સુરત ખાતે હેલ્થ સેન્ટરની લોકાર્પણવિધિ (૩) ટી.પી.૪૮(ભેસ્તાન), ફા. પ્લોટ નં. ૭૧ ખાતે, વખારીયા રોડ, સ્વપ્ન સૃષ્ટિ રેસીડેન્સીની સામે, ભેસ્તાન,સુરત ખાતે હેલ્થ સેન્ટરની લોકાર્પણવિધિ તથા (૪) પાંડેસરા હાઉસીંગ બોર્ડ, પાણીની ટાંકી, પાંડેસરા વેજીટેબલ માર્કેટની પાસે, સી.ઓ.પી. નં. ૧૭ ખાતે, પાંડેસરા, સુરત ખાતે કોમ્યુનીટી હોલની લોકાર્પણવિધિ મા.મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈના વરદ્હસ્તે સંપન્ન થઈ.

ગરીબ તેમજ મધ્યમ વર્ગના લોકોના બાળકો પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તેમજ શિક્ષણ મેળવી પ્રગતિના પંથે પ્રયાણ કરી શકે એવા શુભ આશય સાથે સદર આવાસમાં એક પ્રાથમિક શાળા બનાવવામાં આવનાર છે. જે ૧ કરોડ ૫૪ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવશે. જેમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લઈ કોમ્પ્યુટર રૂમ તથા રમત–ગમતનું મેદાનની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે.



સુરત શહેર દિન પ્રતિદિન વિકાસની હરણફાળ ભરતું શહેર હોય જેમાં વિવિધ વિસ્તારોમાં રહેતાં લોકોના આરોગ્ય વિષયક પ્રાથમિક સારવાર મળી રહે તેમજ ગરીબ તેમજ મધ્યમ વર્ગના પ્રજાજનો માટે ઓછા નાણાકીય ખર્ચે લેબોરેટરી તેમજ દવા ઉપલબ્ધ થઈ શકે જે હેતુ પાર પાડવા માટે ટી.પી. ૫૪ (ભેસ્તાન), ફા. પ્લોટ નં.૧/એ ખાતે, ભેસ્તાન,સુરત ખાતે હેલ્થ સેન્ટરનો ખર્ચ રૂા. ૩૯.૬૩ લાખ તથા ટી.પી. ૪૮ (ભેસ્તાન), ફા. પ્લોટ નં.૭૧ ખાતે, સ્વપ્ન સૃષ્ટિ રેસીડેન્સીની સામે, ભેસ્તાન, સુરત ખાતે હેલ્થ સેન્ટરનો ખર્ચ રૂા. ૪૧.૯૨ ના ખર્ચે નિર્માણ કરી સુરત શહેરીજનોના છેવાડાના નાગરિકોને જેનો મહત્તમ લાભ મળશે. જેમાં મેડીકલ ઓફિસર રૂમ, લેબોરેટરી રૂમ, ફેમીલી પ્લાનીંગ રૂમ, ડીસ્પેન્સરી રૂમ, ડ્રેસીંગ એન્ડ ઈન્જેકશન રૂમ, ઓફિસ કમ કેસ રૂમ તેમજ ફસ્ટ ફલોર પર નર્સિંગ કવાર્ટસ તથા ડોકટરના કવાર્ટસનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

પાંડેસરા જેવા ઔદ્યોગિક વિસ્તારમાં વિવિધ પ્રાંતમાંથી આવીને સ્થાયી થયેલા લોકોના અલગ અલગ રીત રિવાજ મુજબ સામાજિક પ્રસંગોને ધ્યાને લઈ લગ્ન પ્રસંગો તેમજ સામાજિક પ્રસંગો ખુબ સારી રીતે પાર પાડી શકે તે હેતુસર રહેઠાણથી નજીકના ભાગમાં એક કોમ્યુનીટી હોલની પણ સુવિધા ઉપલબ્ધ કરી લોકોને લોકાર્પણ કરવામાં આવેલ છે. જેનો ખર્ચ રૂા.૬૪.૯૨ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે.જેમાં હોલ, સ્ટેજ, ચેઈન્જીગ રૂમ, કિચન, સ્ટોરરૂમ, રેસ્ટ રૂમની વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે મા. મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, મા.સાંસદ શ્રી સી. આર. પાટીલ, મા. ડે. મેયરશ્રીમતિ છાયાબેન ભુવા, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા. શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મા. કમિશ્નરશ્રી એમ. કે. દાસ, ન.પ્રા.શિ. સમિતિના સભ્યશ્રી તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ તથા શહેરના આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## પ્રાણી સંગ્રહાલય ખાતે ૨ જી ઓકટોબરથી ૮ મી ઓકટોબર દરમ્યાન "વન્ય પ્રાણી સપ્તાહ"ની થનાર ઉજવણી

સુરત મહાનગરપાલિકા, નેચરપાર્ક/પ્રાણી સંગ્રહાલય ખાતે પ્રકૃતિનાં સંવર્ધન અને સંરક્ષણ માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ જનજાગૃતિ માટે ૨જી ઓકટોબર થી ૮ મી ઓકટોબર દરમ્યાન "વન્ય પ્રાણી સપ્તાહ" ની ઉજવણી કરનાર છે.

આ અઠવાડિયાને સફળ બનાવવા સુરત મહાનગરપાલિકાએ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કલ્પનાઓને બદલે વન્ય જીવન વિશેની પ્રત્યક્ષ જાણકારી મેળવવા અને તેમનામાં શૈક્ષણિક જાગૃતિ લાવવા ઉપરાંત તેમની જીજ્ઞાસાવૃત્તિ કેળવવા માટે ૧૨(બાર) વર્ષ કે તેથી નાની ઉંમરનાં બાળકોને પ્રાણી સંગ્રહાલયમાં વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. આ સપ્તાહની ઉજવણી દરમ્યાન પ્રાણી સંગ્રહાલય ખાતે નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) પ્રાણી સંગ્રહાલયની રોજ–બરોજની પ્રવૃત્તિઓ જોવા માટે આ સપ્તાહ દરમ્યાન શાળાના બાળકો માટે વિશેષ આયોજન

(૨) વન્ય જીવ સંરક્ષણ ધારો, સેન્ટ્રલ ઝુ ઓથોરીટી અને પ્રાણી સંગ્રહાલયના ઉદેશ અને કામગીરીનું સંક્ષિપ્ત વિવરણ.

(૩) પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણી–પક્ષીઓની સારવાર, તેમને બેભાન કરવાની રીત, સાધનોનું પ્રદર્શન.

(૪) નેચરકલબના સહયોગથી જીવંત સાપ નિદર્શન.

TOP